Vishva Samachar Weekly

RNI : GujGuj/2001/05622

લવાજમ
વાર્ષિક : 250 રૂપિયા
છૂટક નકલ : 5-00 રૂપિયા
'વિશ્વ સમાચાર'ના
નામથી મોકલી આપવા વિનંતી
શેઠ વાડીલાલ સારાભાઇ હોસ્પિટલ સામે,

Associated
PRESS OWNERS WELFARE ASSOCIATION


વિશ્વ સમાચાર
સાપ્તાહિક

PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA

E-mail : vishvasamacharindia@gmail.com

● Office : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Allisebridge, Ahmedabad - 380006 : Mo. 92745 45455


• Year : 24 • Issue : 48 • Dt. 25-08-2025 • Monday • Rs.5-00 • • Page-4




### અમદાવાદીઓ સાવધાન

# સાબરમતી નદીમાં આવ્યું પૂર, રિવરફ્રન્ટ પર હાલત ખરાબ

## ધરોઈ ડેમના ઉપરવાસમાંથી સંત સરોવરમાં છોડાયું પાણી : સંત સરોવરમાંથી સાબરમતીમાં પાણીની આવક



જળસ્તરમાં વધારો થતા અમદાવાદ રિવરફ્રન્ટ પર એલર્ટ




અમદાવાદ

અમદાવાદના મધ્યમાંથી વહેતી સાબરમતી નદીમાં ઘોડાપૂર આવ્યું છે. ઉપરવાસમાંથી પાણી છોડાતા ધરોઈ ડેમનું પાણ સંત સરોવરમાં આવ્યું છે, અને સંત સરોવરનું પાણી સાબરમતી નદીમાં આવ્યું છે. આ કારણે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે નદીનું લેવલ સંપૂર્ણ ઘટાડી દેવાયું છે. લેટેસ્ટ અપડેટ અનુસાર, હાલ સુભાસ બ્રિજથી ઈન્દિરા બ્રિજ તરફનો રિવરફ્રન્ટ નદીમાં ગરકાવ થયો છે. રિવરફ્રન્ટનો પશ્ચિમ તરફનો લોઅર પ્રોમીનાડ ડૂબ્યો છે. તકેદારીના ભાગરૂપે પોલીસ અને રિવરફ્રન્ટ સુરક્ષાકર્મીઓ દ્વારા જમાલપુર પશ્ચિમ રિવરફ્રન્ટ વોક વે પરથી લોકોને બહાર કાઢવામાં આવ્યા છે. અમદાવાદની સાબરમતી નદીમાં ઘોડાપૂર આવ્યું છે. રિવરફ્રન્ટ પર જમાલપુરની સરખામણીએ સુભાસબ્રિજ નજીક સ્થિતિ ગંભીર જોવા મળી છે. નદીના ધસમસતા પાણી રિવરફ્રન્ટના વોક વે પર ફરી વળ્યાં છે. હાલ સ્થિતિ એવી છે કે, બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે બનાવાયેલા પાળાની ઉપરથી પાણી વહી રહ્યું છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કેટલીક મશીનરી પણ પૂરના પાણીમાં તણાઈ ગઈ છે. સુભાસ બ્રિજ રેલવે ટ્રેક નીચે ભયાવહ નજારો જોવા મળ્યો છે.

ધરોઈ ડેમના ઉપરવાસમાં ભારે વરસાદથી પાણીની પુષ્કળ આવક થઈ રહી છે. ધરોઈ ડેમમાંથી છોડાયેલા પાણીના કારણે ગાંધીનગરના સંતસરોવરમાં પાણીની આવક વધી છે. સંત સરોવરમાથી હાલ સાબરમતી નદીમાં પાણી છોડાઈ રહ્યું છે, જેને કારણે સાબરમતી નદીમાં જળસ્તર સતત વધી રહ્યું છે. નદીમાં અત્યાર સુધી ૬૦૦૦૦ ક્યૂસેકથી વધુ પાણીની આવક થઈ છે.

તંત્ર દ્વારા ગઈકાલથી જ વાસણા બેરેજ ખાતે ૨૫ ગેટ ૬ ફૂટ ખોલી દેવામાં આવ્યા છે. હાલ ઉપરવાસમાંથી આવેલા પાણીના કારણે રિવરફ્રન્ટ ખાતે ધસમસતા પાણીનો પ્રવાહ વહી રહ્યો છે. વાસણા બેરેજની બીજી તરફ નદીમાં પાણીની પુષ્કળ જાવક થઈ રહી છે. હાલ બેરેજ માંથી નદીમાં ૩૫૦૦૦ ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે. તકેદારી રૂપે સાબરમતી નદી નજીક આવેલા અમદાવાદ ગ્રામ્ય, ખેડા અને નડિયાદ જિલ્લાના નીચાણવાળા ગામોને સાવચેત કરાયા છે.

# રાજ્યના ત્રીજા નંબરના કડાણા ડેમમાં નવા નીરની આવક

મહીસાગર

રાજ્યના ત્રીજા નંબરના મહીસાગરના કડાણા ડેમમાં નવા નીરની આવક થતા ૬ ગેટ ખોલવામાં આવ્યા છે. ડેમના ૬ ગેટ ૪ ફૂટ સુધી ખોલી ૩૯,૬૦૦ ક્યુસેક પાણી મહી નદી છોડવામાં આવ્યું છે.

ઉપરવાસમાં પડી રહેલા અતિ ભારે વરસાદના કારણે ડેમની જળ સપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે. ડેમમાંથી ૬૦ હજાર ક્યુસેક પાણી મહી નદીમાં છોડવામાં આવ્યું છે. જયારે હાઈડ્રો પાવર મારફતે ૨૦,૪૦૦ ક્યુસેક જ્યારે ગેટ મારફતે ૩૯,૬૦૦ ક્યુસેક પાણી છોડયું છે. ડેમનું રૂટ લેવલ મેન્ટેન કરવા માટે ૬ ગેટ દ્વારા ૩૯,૬૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે.

કડાણા ડેમ દ્વારા પાણી છોડતા મહી નદી કાંઠા વિસ્તારના ગામોને એલર્ટ રહેવા સૂચના અપાઈ છે.નીચાણવાળા વિસ્તારો તેમજ ડૂબક પુલ પર પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવમાં આવ્યો છે. કડાણા ડેમ દ્વારા મહી નદીમાં પાણી છોડતા મહી નદી બે કાંઠે થઈ છે.

### આ બેઠક ૩ અને ૪ સપ્ટેમ્બરના રોજ યોજાશે

# GST કાઉન્સિલની ૫૬મી બેઠક દિલ્હીમાં યોજાવા જઈ રહી છે

નવી દિલ્હી

**GST** કાઉન્સિલની ૫૬મી બેઠક દિલ્હીમાં યોજાવા જઈ રહી છે. આ બેઠક ૧૨ દિવસ પછી એટલે કે ૩ અને ૪ સપ્ટેમ્બરના રોજ યોજાશે. આ બેઠકમાં સરકાર **GST**ના માળખાને સરળ બનાવવા પર વિચાર કરશે. સરકાર **GST**ના સ્લેબ ઘટાડવા માંગે છે. આનાથી લોકોને પહેલા કરતા સસ્તા ભાવે ઘણી વસ્તુઓ મળી શકશે. હાલમાં ઘણા પ્રકારના **GST** સ્લેબ છે. સરકારનો પ્રસ્તાવ છે કે આને ફક્ત બે સ્લેબમાં વહેંચવામાં આવે. પહેલો સ્લેબ ૫% અને બીજો ૧૮%નો હશે. આ ઉપરાંત, સ્વાસ્થ્ય માટે હાનિકારક વસ્તુઓ (દારૂ, સિગારેટ વગેરે) પર ૪૦% નો ખાસ ટેક્સ લાદવામાં આવશે. આ વસ્તુઓને 'સિન ગુડ્સ' કહેવામાં આવે છે. સરકારી મેમોરેન્ડમ મુજબ, **GST** કાઉન્સિલ જીવન વીમાને **GST**માંથી મુક્તિ આપવાનું પણ વિચારશે. આ મુક્તિ વ્યક્તિઓ માટે હશે. સરકાર જીએસટીમાં ઘણા મોટા ફેરફાર કરવાની યોજના બનાવી રહી છે. તેને નેક્સ્ટ-જનરેશન જીએસટી રિફોર્મ્સ કહેવામાં આવી રહ્યું છે. તે હેઠળ ૧૨ અને ૨૮ ટકાના સ્લેબને ખતમ કરી દેવામાં આવશે. સાથે કંપનસેશન સેસ પણ બંધ થઈ જશે. કંપનસેશન સેસ એક પ્રકારનો ટેક્સ છે જે રાજ્યોને જીએસટી લાગૂ થવાથી થયેલા નુકસાનની ભરપાઈ માટે આપવામાં આવે છે. આ સિવાય અન્ય કેટલાક ફેરફાર પણ થશે. જેમ કે ઈનવર્ટેડ ડ્યુટીને સુધારવી. ઈનવર્ટેડ ડ્યુટીનો મતલબ છે કે તૈયાર માલ પર ટેક્સ કાચા માલ પર ટેક્સથી ઓછો હોય છે. આ ફેરફારનો ઈરાદો છે કે લોકો વધુ વસ્તુ ખરીદે અને નાના કારોબારોને મદદ મળે. કાઉન્સિલની બેઠક પહેલા ૨ સપ્ટેમ્બરે રાજ્યો અને કેન્દ્ર સરકારના જીએસટી અધિકારીઓની એક બેઠક યોજાશે. અગાઉ, દર રેશનલાઈઝેશન પરના મંત્રીઓના જૂથ **(GoM)** એ કેન્દ્ર સરકારના બે-સ્લેબ પ્રસ્તાવને સ્વીકાર્યો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે જો દરમાં ફેરફારને કારણે કેન્દ્ર અને રાજ્યોને નુકસાન થાય છે, તો તેના પર પણ ચર્ચા કરવામાં આવશે. ઉપરાંત, વળતર ઉપકર સિવાય અન્ય કોઈ રીતે રાજ્યોને વળતર આપવાનો પણ વિચાર કરવામાં આવશે.

## તંત્રીની કલમે................

# રખડતાં કૂતરાંને જીવતદાન મળ્યું સહવાસ અને વફાદારીની જીત

*માનવ જાત સાથે સદીઓથી રહેવા ટેવાયેલા શેરી કૂતરાઓને હવે તેમને જ્યાંથી ખસીકરણ માટે લઈ જવાયા હશે તેજ વિસ્તારમાં છોડવામાં આવશે એવો ચુકાદો આપીને સુપ્રીમ કોર્ટે ડોગ લવર્સમાં હાશકારો ફેલાવ્યો છે. અગાઉ દિલ્હીમાંથી તમામ શેરી ડોગને પકડીને શેલ્ટર હોમમાં રાખવા આપેલા ચુકાદને ત્રણ જજોની બેંચે ફેરવી તોળ્યો છે. જે લોકો કૂતરાને પાળે છે તે લોકો સામે કડક પગલાં લેવાની વાત પણ કરાઈ હતી. જયારે કોઈને પાળેલું કૂતરૃં કરડે છે ત્યારે કૂતરાના માલિકને પણ જવાબદાર ગણવાનો ઉલ્લેખ કરાયો હતો. ફ્લેટો અને સોસાયટીઓમાં ઉંચી નસ્લના ડોગ પાળવાના શોખીનો તેમના ડોગને કાબૂમાં રાખી શકતા નથી કે તેમને ટ્રેઈન કરી શકતા નથી એવા કૂતરાઓ નજીકથી પસૌર થતા લોતકો કે લિફ્ટમાં સાથે ઉભેલાઓને કરડી ખાય છે. અનેક કેસોમાં ડોગના માલિકો પોતાના અગ્રેસીવ ડોગના હુમલા વખતે મૂક પ્રેક્ષક બનીને ઉભા રહી જાય છે. આવા લોકોને ડોગ પાળવાની ત્રેવડ નથી હોતી અને ડોગ લવર્સ બનવા જાય છે. તેમની સામે કાયદેસરના પગલાં જરૂરી હોય છે. ૧૧ ઓગષ્ટે સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદામાં દિલ્હી- એનસીઆરના તમામ શેરી કૂતરાઓને પકડીને શેલ્ટર હોમમાં પુરી દેવાનો કડક ચુકાદો આપ્યો હતો. જોકે આ ચુકાદોનો સખત્ત વિરોધ થતા ચીફ જસ્ટીસ બી. આર. ગવઈએ દરમ્યાનગીરી કરીને તેને ૧૪ ઓગષ્ટે ત્રણ જજોની બેંચ ને સોંપ્યો હતો. સુપ્રીમ કોર્ટના ઓર્ડરમાં મહત્વના મુદ્દા પર ધ્યાન દોરવું જરૂરી છે. સુપ્રીમ કોર્ટે પોતાનો ચુકાદો માત્ર દિલ્હી- એનસીઆર સુધી મર્યાદીત નથી રાખ્યો પણ દેશભરમાં તેનો અમલ કરવા કહ્યું છે. શેરી કૂતરાઓને જાહેરમાં ખવડાવી શકે નહીં તેને ગેરકાયદે ગણાશે. સ્થાનિક સત્તાવાળાઓએ શેરી ડોગને ખવડાવવા માટે અલગ જગ્યા ઉભી કરી આપવી પડશે. જ્યાં ડોગ વલર્સ આવીને ખાવાનું મકી શકશે. ચુકાદામાં ડોગ બિહેવીયરને ધ્યાનમાં લેવાયું નથી. આખી શેરીના કૂતરા એક સ્થળે આવીને ખાઈ શકે નહી. નબળા કે અપંગ શેરી કૂતરાઓ માટે કોઈ ઉલ્લેખ નથી કરાયો. દરેક કૂતરાની પાતાની નાની સરહદ હોય છે જે ઓળંગીને અન્ય કૂતરા આવે ત્યારે બધા સામસામે આવી જાય છે. સ્થાનિક સત્તાવાળાઓ કૂતરા માટે ખાવાની જે જગ્યા ફાળવે તે ચોખ્ખી હશે તોજ કૂતરા ત્યાં ખાવાનું મેળવવા આવશે.સુપ્રીમ કોર્ટે પોતાના ઓર્ડરને માત્ર દિલ્હી-એનસીઆર પૂરતો જ મર્યાદીત રાખવાના બદલે તેનો દેશભરમાં અમલ કરવાની વાત કરીને ઉત્તમ પગલું ભર્યું છે. દરેક શહેરમાં કૂતરાની સમસ્યા છે. કેટલાક માર્ગો પર રાત્રે કૂતરાઓનું રાજ હોય છે. સત્તાવાળાઓએ આવા રસ્તાઓ પરના કૂતરાઓને અન્ય સ્થળે શીફ્ટ કરવા વિચારવું પડશે. કૂતરાઓના ખસીકરણ સાથે સંકળાયોલી એજંસીઓને કૂતરાની સંખ્યા પ્રમાણે ચૂકવણી થાય છે પરંતુ તેમને અન્ય કોઈ આચાર સંહીતા લાગુ પડતી નથી. આ લોકો ખસીકરણ કરાયેલા કૂતરાને પરત તેમના વિસ્તારમાં નહોતા પહોંચાડતા જેના કારણે તે અન્ય ડોગના શિકાર બને છે અને એગ્રેસીવ બની જાય છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં પ્રચાર કરી રહેલા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલ પર તીખા પ્રહાર કર્યા છે. ગાંધીએ કહ્યું છે કે દિલ્હીની જનતાને હવે ભૂતપૂર્વ મુખ્યમંત્રી શીલા દિક્ષીતના 'અસલી વિકાસ મોડલ'ની જરૂર છે. મોદી અને કેજરીવાલનું મોડલ 'જૂઠા પ્રચારનું મોડલ' છે. રાહુલ ગાંધીએ ફેસબુક પર મોંઘવારી, બેરોજગારી, પ્રદુષણ અને ભ્રષ્ટાચાર જેવા મુદ્દાઓ બાબતે ટિપ્પણી કરતો એક વીડિયો મૂક્યો છે.*

### જુનાગઢ, સાબરકાંઠા સહિત ૮ જિલ્લામાં વરસાદ થશે

# આગામી પાંચ દિવસ ગુજરાત માટે ભારે,બંદરો પર લાગ્યા ૩ નંબરના સિગ્નલ

## માછીમારોને દરિયો ન ખેડવા માટે સૂચના અપાઈ છે

અમદાવાદ

ગુજરાતમાં આગામી પાંચ દિવસ ભારેથી અતિભારે વરસાદ પડવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. ખાસ કરીને આજે જુનાગઢ, સાબરકાંઠા સહિત ૮ જિલ્લાઓમાં મેઘરાજા ધમાકેદાર બેટિંગ કરશે તેવી આગાહી કરવામાં આવી છે. આ સંભવિત ખતરાને ધ્યાનમાં રાખીને તમામ બંદરો પર ૩ નંબરનું સિગ્નલ લગાવી દેવામાં આવ્યું છે. અરબી સમુદ્રમાં ઉદભવેલા ભારે કરંટના કારણે ગીર સોમનાથના વેરાવળ બંદર પર ૩ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. માછીમારોને દરિયો ન ખેડવા માટે સૂચના આપવામાં આવી છે.

દિવસભર છૂટાછવાયા વરસાદ બાદ મોડી સાંજે ડભોઈ પંથકમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. વીજળીના કડાકા સાથે વરસેલા વરસાદથી પટેલવાગા, ટાવર ચોક, આંબેડકર ચોક અને જૈનવાગા જેવા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. આ ઉપરાંત વેગા, ફરતિકુઈ, પૂડા, નડા, બોરબાર, થુવાવી અને રાજલિ જેવા ગ્રામ્ય વિસ્તારોમાં પણ સારો વરસાદ વરસ્યો છે, જેના કારણે ખેડૂતો ખુશખુશાલ થઈ ગયા છે. ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે માધવપુરના ઘેડ વિસ્તારમાં આવેલી ઓઝત અને મધુવંતી નદીના પાણી ફરી વળ્યા છે. જેના કારણે કડછ અને મોચા ગામના રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા. આ પૂરના પાણીમાં એક દૂધનું ટેક્કર ફસાઈ ગયું હતું, જેમાં સવાર ૧૧ પુરુષો અને ૨ મહિલાઓ જોખમમાં મુકાયા હતા. તંત્ર દ્વારા તાત્કાલિક એનડીઆરએફ (NDRF)ની ટીમને બોલાવવામાં આવી હતી અને તમામ લોકોને સફળતાપૂર્વક બચાવી લેવાયા હતા. આ જ રસ્તા પર એક વૃદ્ધ પાણીના પ્રવાહમાં તણાયા હોવાના અહેવાલ છે, જેમની શોધખોળ ચાલુ છે. એનડીઆરએફની ટીમ દ્વારા બે બોટ અને ૧૫ સભ્યોની ટીમ સાથે શોધખોળ હાથ ધરવામાં આવી છે, પરંતુ હજુ સુધી તેમનો કોઈ પત્તો લાગ્યો નથી. હાલ પૂરતો આ રસ્તો વાહનવ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યો છે. એનડીઆરએફની કામગીરીથી સ્થાનિક લોકો પણ ખૂબ જ ખુશ છે.

ગુજરાતની સાથે સાથે પાડોશી રાજ્ય રાજસ્થાનમાં પણ અનરાધાર વરસાદના કારણે જનજીવન પ્રભાવિત થયું છે. સવાઈ માધોપુર, બાંરા અને કોટામાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. રેલવે ટ્રેક પર પાણી ફરી વળતા રેલવે સેવાને અસર થઈ છે. વરસાદને કારણે બાંરામાં આજે રજા જાહેર કરવામાં આવી છે.

### બોપલ ૪૦ લાખની લૂંટનો ભેદ ઉકેલાયો

# લૂંટ કેસમાં સાતની ધરપકડ, કામવાળીએ આપી હતી બાતમી

અમદાવાદ

અમદાવાદ ગ્રામ્ય પોલીસે બોપલમાં એક બંગલામાંથી ૪૦ લાખની કિંમતના દાગીના અને રોકડની ચોરીના કેસનો ગણતરીના દિવસોમાં જ ભેદ ઉકેલી નાખ્યો છે. આ કેસમાં કામવાળી સહિત સાત આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, ૧૭ ઓગસ્ટના રોજ વહેલી સવારે ૩ વાગ્યે બોપલ પોસ્ટ ઓફિસ પાસે આવેલા ચિદાનંદ બંગલામાં આ ચોરી થઈ હતી. આરોપીઓની એક ટુકડી બંગલામાં ઘૂસીને ૩૭૦ ગ્રામ સોનાના દાગીના, એક મોતીનો સેટ, ૩૦૦ ગ્રામ ચાંદીના ઘરેણાં અને ૫ લાખથી વધુની રોકડ લઈને ફરાર થઈ ગયા હતા.આરોપીઓની એક ટુકડી બંગલામાં ઘૂસીને ૩૭૦ ગ્રામ સોનાના દાગીના, એક મોતીનો સેટ, ૩૦૦ ગ્રામ ચાંદીના ઘરેણાં અને ૫ લાખથી વધુની રોકડ લઈને ફરાર થઈ ગયા હતા. ચોરી થયેલા કુલ મુદ્દામાલની કિંમત આશરે ૪૦ લાખ આંકવામાં આવી છે. પોલીસની ટીમે સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ માહિતી અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી તપાસ કરતાં જાણવા મળ્યું કે સાત વ્યક્તિઓએ સ્કૂટર અને સીએનજી રિક્ષાનો ઉપયોગ કરીને આ ચોરીને અંજામ આપ્યો હતો. આ તમામ રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના વતની છે અને અમદાવાદમાં YMCA ક્લબ સરખેજ નજીક કામચલાઉ ઝૂંપડપટ્ટીમાં રહેતા હતા. આરોપીઓની ઓળખ ધનપાલ કાંતિલાલ મીણા, હરીશ મનોજ નાનોમા, ઉમેશ નાગજી પરમાર, ભાગુ ભરત મીણા, હરીશ જગદીશ કલાસુવા, ધનરાજ કેશુ કલાસુવા અને ક્રિષ્ના (ધનપાલ મીણાની દીકરી) તરીકે થઈ છે. પોલીસે જણાવ્યું કે ક્રિષ્ના જે આ બંગલામાં ઘરકામ કરતી હતી. તેણે પરિવાર બહારગામ ગયો હોવાની અને બંગલામાં કિંમતી દાગીના હોવાની ગેંગને માહિતી પુરી પાડી હોવાથી આ ગેંગ ચોરીને અંજામ આપવામાં સફળ રહી હતી.

બાતમીના આધારે પીએસઆઈ પી.જી. બારૈયા અને ટેકનિકલ ઓફિસર વિજય પટેલના નેતૃત્વમાં બોપલ ડી-સ્ટાફની ટીમે ધનપાલ મીણાને તેના વતન રાજસ્થાનના ગામમાંથી ૧૯ ઓગસ્ટના રોજ શોધી કાઢીને તેની ધરપકડ કર હતી. પૂછપરછ દરમિયાન તેણે ગુનો કબૂલ્યો અને તેના અન્ય સાગરીતોના નામ પણ જણાવ્યા જેના પગલે બાકીના આરોપીઓને પણ ઝડપી લેવામાં આવ્યા હતા.

પૂછપરછ દરમિયાન તેણે ગુનો કબૂલ્યો અને તેના અન્ય સાગરીતોના નામ પણ જણાવ્યા જેના પગલે બાકીના આરોપીઓને પણ ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે તેઓ તેમના ઘરે કામ કરતા નોકર-ચાકરોની નજીકના પોલીસ સ્ટેશનમાં અથવા ઓનલાઈન સિટિઝન પોર્ટલ પર નોંધણી કરાવે.

એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, આવી નોંધણી સુરક્ષા સુનિશ્ચિત કરવા અને આવી ઘટનાઓને અટકાવવા માટે મહત્વપૂર્ણ છે. જેમાં અંદરના લોકો ગુનેગારોને બાતમી આપે. તમામ સાત આરોપીઓ હાલ પોલીસ કસ્ટડીમાં છે, અને વધુ તપાસ હાથ ધરીને ચોરી થયેલા તમામ મુદ્દામાલને પણ જપ્ત કરવામાં આવ્યો છે.

**સમગ્ર ગુજરાત માં પત્રકારો અને જાહેરાત નું કામ કરી શકે તેવા ઉમેદવારો નીમવાના છે**

"વિશ્વ સમાચાર" અખબારમાં પત્રકાર તરીકે ત્થા જાહેરાત નું કામ કરી શકે તેવા યુવક - યુવતીઓ નીમવાના છે. જે ઉમેદવારને બાયોડેટા સાથે કાર્યાલય નો સંપર્ક કરવો.

"વિશ્વ સમાચાર"

મો. ૯૨૭૪૫ ૪૫૪૫૫

Email : vishvasamacharindia@gmail.com

### અમદાવાદમાં ગુંડારાજ

# જાહેરમાં હત્યા કરવાનું ષડયંત્ર રચનાર માસ્ટરમાઈન્ડ સતીયો ફરાર

અમદાવાદ

શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી કાયદો વ્યવસ્થા લથડી ગઈ હોય તે પ્રકારની ઘટનાઓ સામે આવી રહી છે. તેવામાં શહેરમાં અપહરણ કરીને એક યુવકની હત્યાની ઘટના સામે આવી છે. જે ઘટનામાં કાગડાપીઠ પોલીસે ૩ આરોપીની ધરપકડ કરી છે. જે ઘટનાના વિડીઓ પણ સામે આવ્યા છે. જે ઘટનામાં કાગડાપીઠ પોલીસે હત્યાનો ગુનો નોંધી ફરાર આરોપીઓની શોધખોળ શરૂ કરી છે. ત્યારે જોઈએ કોણ છે તે આરોપીઓ. અને શું હતું મોત નું કારણ આ અહેવાલમાં.

વિજય પટણી, શૈલેષ, ગૌતમ અને પુનમ પટણીની ધરપકડ કરવામાં આવી છે. જેઓની અપહરણ અને હત્યા કેસમાં કાગડાપીઠ પોલીસે ધરપકડ કરી છે. ૨૨ ઓગસ્ટના રોજ કાગડાપીઠ સફલ પરિસરમાંથી નીતિન પટણી નામના ૨૩ વર્ષીય યુવકનું આરોપીઓ અપહરણ કરીને મેઘાણીનગરના અસારવા વિસ્તારમાં લઈ ગયા હતા અને જાહેરમાં ઘાતકી હથિયારોથી હુમલો કરીને હત્યા કરી દીધી. આ ઘટનાના અપહરણના CCTV અને હત્યાના વીડિયો સામે આવ્યા છે. જે ઘટનામાં કાગડાપીઠ પોલીસે સતીશ ઉર્ફે સતીયો પટણી, વિશાલ ઉર્ફે બુકકો દંતાણી, મહેશ ઉર્ફે કટ્ટો પટણી, બાવો, સાજન, રાજ ઉર્ફે સેસુ અને અજાણ્યા વિરુદ્ધ અપહરણ અને હત્યાનો ગુનો નોંધ્યો હતો. આ અપહરણના CCTV ના આધારે પોલીસે અપહરણ કરનાર વિજય પટણી, શૈલેષ ગૌતમ અને રીક્ષા ચાલક પૂનમ પટણીની ધરપકડ કરી છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું કે, હત્યાનો માસ્ટર માઈન્ડ સતીષ ઉર્ફે સતીયો પટણી છે. ૧૯ ઓગસ્ટ ના રોજ મૃતક નીતિન પટણી અને સતિષના ભાઈ દિપક પટણીનો ઝઘડો થયો હતો. અને નીતિનએ દીપકને ખૂબ જ માર માર્યો હતો. જેથી મૃતક નીતિન પટણી વિરુદ્ધ મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. જે ઝઘડા અને મારામારીનો બદલો લેવા સતીશ અને તેના મિત્રોએ નીતિનનું અપહરણ કરીને જાહેરમાં માર મારી નીતિનની કરપીણ હત્યા કરી નાંખી. જ્યાં કોઈ મદદ કરવા પણ ન આવ્યું.

આરોપી સતીશ પટણી ચાઈના ગેંગનો આરોપી હોવાનું પણ સામે આવ્યું છે. જેની સામે અગાઉ હત્યાનો ગુનો પણ નોંધાયો હતો. મૃતક નીતિન અને આરોપીના ભાઈ વચ્ચે અંગત અદાવતનો ઝઘડો હતો જેનો બદલો લેવા આ ખૂની ખેલ ખેલાયો હોવાનું તપાસમાં સામે આવ્યું છે.

કાગડાપીઠ પોલીસે હત્યાનો ગુનો નોંધી ૩ આરોપીની ધરપકડ કરીને ફરાર આરોપીઓ સતીશ પટણી, વિશાલ, મહેશ અને રાજ નામના આરોપીની શોધખોળ શરૂ કરી. ત્યારે જોવાનું એ રહે છે મુખ્ય આરોપી અને સમગ્ર ઘટનાનો માસ્ટરમાઈન્ડ સતીશ ક્યારે ઝડપાય છે.

આ હત્યાકાંડ વિપુલ અને સતીશ ગેંગ વચ્ચે છેલ્લા અઠવાડિયાથી ચાલી રહેલી ગેંગવોરનું પરિણામ છે. થોડા દિવસ પહેલા વિપુલ નામના યુવક પર સતીશ અને તેની ગેંગે જીવલેણ હુમલો કર્યો હતો.

આ હુમલાનો બદલો લેવા માટે વિપુલની ગેંગે સતીશને શોધવાનું ચાલુ કર્યું, પરંતુ સતીશ તો હાથમાં ના આવ્યો પણ તેનો ભાઈ દીપક ઉર્ફે હુક્કો હાથમાં આવી જતા તેના પર હુમલો કરી તેને ગંભીર રીતે ઘાયલ કર્યો હતો.

### અમદાવાદનો ક્રુરતાભર્યો કિસ્સો

# દીકરીને કૂતરું કરડ્યું, તો પિતાએ બાઈક સાથે બાંધીને ઢસડીને મારી નાંખ્યું!

અમદાવાદ

અમદાવાદમાં શ્વાન સાથે ક્રુરતા આચરવામાં આવી હતી. ચાંદલોડિયા બ્રિજ નીચે એક વ્યક્તિએ શ્વાનને બાઈક પાછળ બાંધીને ઢસડતો હોય તેવો વીડિયો વાયરલ થયો હતો. ત્યારે દીકરીને બચકું ભરતાં પિતાએ શ્વાન સાથે ક્રૂરતા આચરી હતી. જેથી જીવદયા પ્રેમીઓમાં ભારે આક્રોશ જોવા મળ્યો. અમદાવાદમાં શ્વાન પ્રત્યે ક્રૂરતા દાખવતો કિસ્સો સામે આવ્યો છે. શહેરના સોલા વિસ્તારમાં બનેલી ઘટનાના cctv રુંવાડા ઉભા કરી દે તેવા છે. દીકરીને શ્વાન કરડતા પિતાએ શ્વાનને બાઈક સાથે બાંધી ઢસડ્યું હતું. જેના બાદ બાઈક સાથે બાંધીને શ્વાનને ઢસડતા શ્વાન મોતને ભેટ્યું. સમગ્ર મામલે જીવદયા પ્રેમીએ સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદ આધારે સોલા પોલીસે આરોપીની ધરપકડ કરાઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ચાંદલોડિયા વિશ્વકર્મા બ્રિજ નીચે રેલ્વે ટ્રેક પાસે એક વ્યક્તિ બાઈકની પાછળ દોરડાથી કૂતરાને બાંધીને બાઈક ચલાવી કૂતરાને ઢસડીને લઈ જઈ રહ્યો હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં ફરતો થયો હતો. ફરિયાદના આધારે સોલા પોલીસે તે વ્યક્તિની ધરપકડ કરી હતી. જેમાં ચોંકાવનારો ખુલાસો થયો છે.

આ કૂતરું તેના દીકરીને કરડ્યું હોવાથી તેણે લાકડીથી કૂતરાને માર મારીને દોરડાથી બાઈક પાછળ બાંધીને ઢસડીને રેલ્વે ટ્રેક બાજુ ફેંકવા જઈ રહ્યો હોવાનું શખ્સે કબૂલ્યું હતું.

આ વિશે સોલા પોલીસ સ્ટેશનના પીઆઈ કે.એમ. ભૂકને જણાવ્યું કે, જીવદયા એનજીઓ ટ્રસ્ટના ગ્રૂપમાં ૨૨ ઓગસ્ટે એક વીડિયો આવ્યો હતો. જેમાં એક વ્યકિત બાઈકની પાછળ દોરડાથી કુતરાને બાંધીને બાઈક ચલાવીને કૂતરાને ઢસડીને લઈ જઈ રહ્યો હતો. જેના કારણે કૂતરાનું મૃત્યુ થયું હતું. વીડિયોમાં દેખાતો વ્યક્તિ ચાંદલોડિયા ક્રિષ્ણાનગર સોસાયટી રહેતા હોવાનું લખાણ વીડિયો સાથે લખ્યું હતું.

જેના આધારે જીવદયાની ટીમે ત્યાં પહોંચીને તપાસ કરતા એક કુતરુ ચાંદલોડિયા રેલવે ટ્રેક પાસેથી મૃત્યુ પામેલી હાલતમાં મળી આવ્યું હતું. જેથી ટીમે વીડિયોમાં દેખાતી વ્યક્તિ રમેશભાઈ હોવાનું જાણવા મળ્યું હતું. વીડિયોના આધારે જીવદયા ટીમે પોલીસને જાણ કરતા સોલા હાઈકોર્ટ પોલીસ આવી પહોંચી હતી. આ અંગે પાર્થ પરમારની ફરિયાદના આધારે પોલીસે રમેશભાઈ વિરુધ્ધ ગુનો નોંધી તેમની ધરપકડ કરી હતી. પોલીસનું કહેવું છે કે તેમની દીકરીને આ કૂતરું કરડ્યું હોવાથી આ કારસ્તાન કર્યું હતું. આરોપીના સંતાનને શ્વાન કરડ્યું હોવાથી આ કૃત્ય કર્યું હોવાની આરોપીની કબૂલાત કરી છે.

# અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાને લઈને તડામાર તૈયારીઓ

### ૧ સપ્ટેમ્બરથી ૭ સપ્ટેમ્બર સુધી આ મેળો યોજાવાનો છે : ભાદરવી પૂનમના મેળામાં લાખો ભક્તો દર્શન અર્થે આવતા હોય છે

અંબાજી

યાત્રાધામ અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાને લઈને તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.

૧ સપ્ટેમ્બરથી ૭ સપ્ટેમ્બર સુધી આ મેળો યોજાવાનો છે. ભાદરવી પૂનમના મેળામાં લાખો ભક્તો દર્શન અર્થે આવતા હોય છે. ત્યારે હવે અનેક સેવાભાવી સંસ્થાઓ પણ ભક્તોની સેવા માટે આગળ આવી છે.

લાખો પદયાત્રિકો પગપાળા યાત્રા કરીને જતા હોય છે. ત્યારે પદયાત્રિકોની સુવિધા માટે પાલનપુર-અંબાજી હાઈવે, દાંતા- મહેસાણા હાઈવે તથા ખેડબ્રહ્મા-અંબાજી હાઈવે પર અનેક સેવા કેમ્પ શરૂ કરવામાં આવ્યા છે. જેમાં પી.એન માળી ફાઉન્ડેશન પણ છેલ્લા ૮ વર્ષોથી ભક્તોની સેવા માટે કેમ્પનું આયોજન કરે છે.

આ સેવા કેમ્પમાં યાત્રિકો માટે રહેવા-જમવાની સુવિધા, તબીબી સારવાર તથા આરામ માટેની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. આ ઉપરાંત વરસાદી સિઝનને ધ્યાને રાખીને વોટરપ્રુફ ડોમ પણ તૈયાર કરવામાં આવ્યા છે. જેના કારણે ભક્તોને કોઈ અસુવિધા ન ઉભી થાય.

# આગામી ૭ દિવસની ભારેથી અતિભારે વરસાદની આગાહી

અમદાવાદ

સમગ્ર રાજ્યભરમાં મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે. ત્યારે સતત વરસાદના કારણે રાજ્યના મોટાભાગના ડેમમાં પાણીની ભરપૂર આવક થઈ છે. ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદ મન મૂકીને વરસી રહ્યો છે. ત્યારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાવવાની સમસ્યા સર્જાઈ છે. તેમજ સતત વરસાદના કારણે નદી-નાળાઓમાં પણ પાણીની સારી આવક થઈ છે.

આ વખતે સારો વરસાદ થતાં ખેડૂતોમાં પણ ખુશી જોવા મળી છે.

આગામી ૭ દિવસ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે. ઉત્તર ગુજરાત અને ઉત્તર સૌરાષ્ટ્રમાં અતિ ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે. દાસે જણાવ્યું કે, સૌરાષ્ટ્ર-કચ્છમાં અને મધ્ય ગુજરાતમાં આગામી ૨૪ કલાક ભારે વરસાદની સંભાવના છે. ૨૫ ઓગસ્ટના રોજ અમદાવાદમાં ગાજવીજ સાથે ભારે વરસાદ થશે. માછીમારોને દરિયામાં ન જવાની સૂચના અપાઈ છે. ૪૦ થી ૫૦ કિ.મી.ની ઝડપે દરિયાકાંઠે પવન ફૂંકાશે. દરિયાકાંઠે બંદરો પર સિગ્નલ-૩ લગાવી દેવાયું છે. આજે બનાસકાંઠા, સાબરકાંઠા, અરાવલી, મહીસાગર, મહેસાણા, મોરબી અને સુરેન્દ્રનગરમાં ઓરેન્જ એલર્ટ છે.

### અમદાવાદના વાસણા બેરેજમાંથી પાણી છોડાયું

# બાકરોલ ગામના ૨૫ લોકો ફસાયા, પાંચનું કરાયું રેસ્ક્યૂ

અમદાવાદ

ઉપરવાસમાંથી પાણીની આવક થતાં સાબરમતી નદી બે કાંઠે વહેતી થઈ છે. પાણીની આવકના પગલે સાબરમતી નદી પરના વાસણા બેરેજના દરવાજા ખોલી પાણી છોડાયું છે. જ્યારે પાણી છોડતાં બાકરોલ ગામના ૨૫ લોકો ફસાયા છે. જેમાંથી પાંચ લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. ઘટનાને પગલે નદીકાંઠે ગ્રામજનો એકઠા થયા છે. જ્યારે તંત્રને આ અંગે જાણ કરવામાં આવી છે. જેના પગલે ફાયરબ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી છે. નોંધનીય છે કે, સાબરમતી નદીમાં નવા નીરની આવક થઈ છે. સાબરમતી નદીમાં પાણીની આવક થતા વાસણા બેરેજના ૨૫ ગેટ ખોલવામાં આવ્યા છે. સાબરમતી નદીમાં હાલ ૫૧૧૨૬ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યુ છે. ઉપરવાસમાં વરસાદના કારણે હજુ વધારે પાણી છોડવાની સંભાવના છે. વટવા, વેજલપુર, દસક્રોઈ અને ધોળકા વિસ્તારમાં રહેતા લોકોએ તકેદારી રાખવા અપીલ કરાઈ છે.

ઉપરવાસમાં ભારે વરસાદ પડી રહ્યો છે, ત્યારે ધરોઈ ડેમમાંથી પાણી છોડાતા સાબરમતી નદી બે કાંઠે વહેતી થઈ છે. ઉપરવાસમાં વરસાદ થતાં ધરોઈ ડેમમાંથી પાણી છોડાયું છે. સાબરમતી નદીમાં પાણીની આવક થતા વાસણા બેરેજના ૨૫ ગેટ ખોલવામાં આવ્યા છે.

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ૨૫-૨૬ ઓગસ્ટે ગુજરાત આવશે; અમદાવાદ, ગાંધીનગર અને મહેસાણાને મળશે રૂ.૫૪૭૭ કરોડના વિકાસ કાર્યોની ભેટ-પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

(ગાંધીનગર)

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આગામી ૨૫ અને ૨૬ ઓગસ્ટ, ૨૦૨૫ રોજ ગુજરાતની બે દિવસની મુલાકાતે આવી રહ્યા છે.વડાપ્રધાનશ્રીના પ્રવાસ કાર્યક્રમની વિગતો આપતા પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, આ મુલાકાત દરમિયાન તેઓ અમદાવાદ, ગાંધીનગર અને મહેસાણા માટે રૂ.૫૪૭૭ કરોડના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. વડાપ્રધાનશ્રી ૨૫મીએ અમદાવાદના નિકોલમાં ખોડલધામ ગ્રાઉન્ડ ખાતે આયોજિત કાર્યક્રમમાં હાજરી આપશે અને ત્રણ શહેરોને વિવિધ વિભાગો હેઠળ વિકાસકાર્યોની ભેટ આપશે. આ વિભાગોમાં રેલવે (રૂ.૧૪૦૪ કરોડ), શહેરી વિકાસ (રૂ.૨૫૪૮ કરોડ), એનર્જી એન્ડ પેટ્રોકેમિકલ્સ (રૂ.૧૧૨૨ કરોડ), માર્ગ અને મકાન (રૂ.૩૦૭ કરોડ) અને રેવન્યૂ વિભાગ (રૂ.૯૬ કરોડ)નો સમાવેશ થાય છે.ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૫ને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવાની જાહેરાત કરી છે ત્યારે આ વિકાસકાર્યો રાજ્યના નાગરિકોની સુવિધા અને સુખાકારીને પ્રોત્સાહન આપશે.અમદાવાદને મળશે રૂ.૩૧૨૫ કરોડના વિકાસકાર્યોની ભેટવડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અમદાવાદ શહેરમાં રૂ.૨૨૦૯ કરોડના પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત અને રૂ.૯૧૬ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરવાના છે. તેઓ **UGVCL** હેઠળ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમને લગતા રૂ.૬૦૮ કરોડના પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે, જેનો હેતુ અમદાવાદમાં વીજ વિતરણ વ્યવસ્થાને અપગ્રેડ અને તેનું વિસ્તરણ કરવાનો છે. આ ઉપરાંત, રૂ.૧૩૩ કરોડથી વધુના ખર્ચે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ના આઈએસએસઆર ઘટક હેઠળ રામાપિરના ટેકરોના સેક્ટર-૩ ખાતે આવેલી ઝૂંપડપટ્ટીના વિકાસનું લોકાર્પણ, ૬૬kV ગોતા



સબસ્ટેશન, ૬૬kV ચાંદખેડા-૨ સબસ્ટેશન, વિરમગામ ખુદડ રોડ કિમી ૦/૦૦ થી ૨૧/૪૦૦નું લોકાર્પણ વગેરેનો સમાવેશ થાય છે.વડાપ્રધાનશ્રીના હસ્તે અમદાવાદમાં થનારા ખાતમુહૂર્તના કામોમાં શેલા, મણિપુર, ગોધાવી, સનાથલ અને તેલાવ માટે સ્ટ્રોમ વૉટર ડ્રેનેજ સિસ્ટમનું બાંધકામ અને ૫ વર્ષનું સંચાલન અને જાળવણી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સ્ટ્રીટ ફર્નિચર સાથે લૉ ગાર્ડન અને મીઠાખળી પ્રિસિંક્ટનો વિકાસ, અમદાવાદ શહેરમાં સાબરમતી અને અમદાવાદ સ્ટેશન વચ્ચે ફોર લેન અસારવા રેલવે ઓવર બ્રિજનું પુનર્નિર્માણ, દક્ષિણ પશ્ચિમ ઝોનના સરખેજ વોર્ડ ખાતે મિનિ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું બાંધકામ વગેરેનો સમાવેશ થાય છે.અમદાવાદમાં સ્ટેમ્પ્સ એન્ડ રજિસ્ટ્રેશન ભવનનું ખાતમુહૂર્તવડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અમદાવાદ (પશ્ચિમ)માં સ્ટેમ્પ્સ એન્ડ રજિસ્ટ્રેશન ભવનનું ખાતમુહૂર્ત પણ કરવાના છે. આ ઉપરાંત, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ(**AUDA**) બે તબક્કામાં હાઈબ્રિડ એન્યુઈટી મોડ હેઠળ ચાર-માર્ગીય મુખ્ય માર્ગ છ માર્ગીય બનાવશે, જેમાં ઝડપ અને સલામતીને ધ્યાને લઈ એક્સપ્રેસવેના માપદંડો મુજબ નિયંત્રિત પ્રવેશની જોગવાઈ રાખેલ છે. છ માર્ગીય મુખ્ય માર્ગ ઉપરાંત, ૩૨ કિમી લંબાઈમાં ચાર માર્ગીય સર્વિસ રોડ, ૩૦ કિમી લંબાઈમાં ત્રિ-માર્ગીય સર્વિસ રોડ બનશે. આ માટે કુલ પ્રોજેક્ટ ખર્ચ રૂ.૧,૬૨૪ કરોડ છે, જેનો હેતુ અમદાવાદ શહેરની આસપાસ ટ્રાફિક ક્ષમતા અને માળખાગત સુવિધામાં અદ્યતન સુધારો કરવાનો છે. વડાપ્રધાનશ્રી આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવાના છે.ગાંધીનગર શહેરને મળશે રૂ.૫૫૫ કરોડના વિકાસકાર્યોની ભેટવડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ગાંધીનગર શહેર માટે રૂ.૫૫૫ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેઓ **UGVCL** હેઠળ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમને લગતા રૂ.૧૭૮ કરોડના પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે. તો પેથાપુર અને રાંધેજામાં પાણી પુરવઠા લાઈન અને અને **GUDA** હેઠળ ડભોડા ગામમાં ગટર વ્યવસ્થા સુવિધાઓ તેમજ ડ્રેનેજ માળખાનું લોકાર્પણ કરવામાં આવશે. વડાપ્રધાનશ્રીના હસ્તે થનારા ખાતમુહૂર્તના કાર્યોમાં ગાંધીનગર શહેર ખાતે રાજ્ય સ્તરીય ડેટા સ્ટોરેજ સેન્ટરનું નિર્માણ, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ધોળાકુવાથી પંચેશ્વર સર્કલ સુધી મેટ્રો રેલને સમાંતર રસ્તાનું બાંધકામ, વિવિધ વિસ્તારમાં સ્ટોર્મ વૉટર લાઈન અને ગટર લાઈન ઈન્સ્ટોલેશન વગેરેનો સમાવેશ થાય છે. મહેસાણામાં રેલવે વિભાગના રૂ.૧૪૦૦ કરોડથી વધુના પ્રોજેક્ટ્સનું લોકાર્પણવડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી મહેસાણાને કુલ રૂ.૧૭૯૬ કરોડના પ્રોજેક્ટ્સની ભેટ આપશે અને ૨ ટ્રેનનું ફ્લેગ-ઑફ કરશે. તેઓ **UGVCL** હેઠળ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમને લગતા પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે. વડાપ્રધાનશ્રી રૂ.૧૪૦૦ કરોડથી વધુના જે રેલવે પ્રોજેક્ટ્સ દેશને સમર્પિત કરશે, તેમાં રૂ.૫૩૭ કરોડના ખર્ચે તૈયાર થયેલ મહેસાણા-પાલનપુર રેલવે લાઈન (૬૫ કિમી)નું ડબલિંગ, રૂ.૩૪૭ કરોડના ખર્ચે કલોલ-કડી-કટોસણ રોડ રેલવે લાઈન (૩૭ કિમી)નું ગેજ કન્વર્ઝન અને રૂ.૫૨૦ કરોડના ખર્ચે બેચરાજી-રણુંજ રેલવે લાઈન (૪૦ કિમી)ના ગેજ કન્વર્ઝનનો સમાવેશ થાય છે. આ રેલવે પ્રોજેક્ટ્સ ખાસ કરીને ઉત્તર ગુજરાતના મહેસાણા,બનાસકાંઠા અને પાટણ જિલ્લાઓને બ્રૉડગેજ લાઈન દ્વારા સરળ, સલામત અને સીમલેસ કનેક્ટિવિટી પ્રદાન કરશે.

## કોંગ્રેસે કર્યા પ્રહાર

# અમદાવાદમાં પીએમની સભા માટે શિક્ષકોની ફરજિયાત હાજરીની કવાયત

અમદાવાદ

અમદાવાદમાં તારીખ ૨૫ ઓગસ્ટે યોજાનારી વડાપ્રધાન નરેન્દ્ર મોદી ની જાહેર સભા માટે શિક્ષકોની ફરજિયાત હાજરી અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હેમાંગ રાવલ દ્વારા ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. તેમણે દાવો કર્યો છે કે દરેક શાળામાંથી ઓછામાં ઓછા દસ શિક્ષકોની હાજરી ફરજિયાત રાખવામાં આવી છે અને આ માટે શિક્ષણ વિભાગના અધિકારીઓ દ્વારા મિટિંગો યોજાઈ રહી છે. વોટ્સએપ સંદેશો અને શાળાના આચાર્યોને આપવામાં આવેલી સૂચનાઓના આધારે, શિક્ષકોને નક્કી કરેલા સ્થળે હાજર રહી **AMTS** બસ દ્વારા સભા સ્થળે લઈ જવાની વ્યવસ્થા પણ કરાઈ છે. કોંગ્રેસે દાવો કર્યો છે કે, આગામી તારીખ ૨૫ ના રોજ વડાપ્રધાનની સભા માટે અમદાવાદની દરેક સ્કૂલ દીઠ ઓછામાં ઓછા દસ શિક્ષકો ફરજિયાત સભામાં આવે તેવો મેસેજ કરવામાં આવ્યો છે અને દરેક બીટમાં વડાપ્રધાનની સભા સફળ કરવા એજ્યુકેશન ઈન્સ્પેક્ટર મિટિંગ લઈ રહ્યા છે. શાળાના આચાર્યને એમ પણ કહી દેવામાં આવ્યું છે કે જો ૧૦ કરતા વધારે શિક્ષક આવવા માગતા હોય તો પછી શાળામાં સંપૂર્ણ રજા રાખવી પડે તો પણ તમને રજા આપવા માટે મંજૂરી આપવામાં આવી હોવાનો આક્ષેપ કોંગ્રેસે કર્યો છે.

શિક્ષકોના એક વોટ્સએપ ગ્રૂપમાં મૂકવામાં આવેલા મેસેજમાં લખવામાં આવ્યું છે કે, તમામ આચાર્ય પ્રધાનમંત્રીનો ૨૫ તારીખના નિકોલ ખાતે પ્રોગ્રામ હોવાથી આપની શાળાના શિક્ષકની સ્ટાફ માહિતી ભરી દેવાની રહેશે. જેમાં તેમને સમયસર જણાવેલ સ્થળ પર હાજર રહેવાનું રહેશે. તમામ આચાર્ય આપની શાળાના શિક્ષક મિત્રોને જણાવશો કે તારીખ ૨૫ /૮/ ૨૦૨૫ના રોજ પ્રધાનમંત્રીના કાર્યક્રમમાં બપોર ૨.૩૦ કલાકે **i.p mission** સ્કૂલ ખાતે બસની સુવિધા ઉપલબ્ધ કરેલ છે. તો તમામ આચાર્ય આપની શાળાના શિક્ષક ફરજિયાત બસમાં જ જવાનું છે તો સીધા કોઈ જશે નહી સમયસર બસમાં આવી જવાનું રહેશે. આ ધ્યાને લેશો.

કોંગ્રેસ પ્રવક્તાનો આક્ષેપ છે કે, એક તરફ વિદ્યાર્થીઓને પૂરતું શિક્ષણ નથી મળતું અને બીજી તરફ ભાજપના શાસનમાં નરેન્દ્રભાઈ મોદીની સભા માટે પ્રજાનું જ્યારે સમર્થન મળી રહ્યું નથી. ત્યારે વિવિધ પ્રકારના ગતકડાઓ દ્વારા સભા ભરવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. વળી આચાર્યને કહી દેવામાં આવ્યું છે કોઈ શિક્ષકોએ સીધુ સભામાં જવાનું નથી પરંતુ સૌ પ્રથમ નક્કી કરેલ જગ્યા પર પહોંચવાનું છે અને ત્યાંથી એએમટીએસની બસમાં ગણતરી કરીને સભામાં હાજરી આપવાની છે.

ગુજરાતની અંદર શિક્ષકોને અત્યાર સુધી તીડ ભગાડવા મોકલવામાં આવતા હતા, કોરોનામાં લાશો ગણવા માટે મોકલ્યા હતા, સ્વ ખર્ચે પ્રવેશોત્સવ કરાવડાવાય છે, પરંતુ હવે શક્તિ પ્રદર્શન બતાવવા વડાપ્રધાનની સભામાં ખાલી ખુરશીઓ ભરવા શિક્ષકોનો ઉપયોગ થાય છે અને વિદ્યાર્થીઓના ભણતર પ્રત્યે દુર્લક્ષ્ય સેવાઈ રહ્યું છે આ અત્યંત ગંભીર બાબત છે, તેવો કોંગ્રેસે પ્રહાર કર્યો છે.




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA PRINTED AT DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. gujarat AND PUBLISHED FROM : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Ellisbridge, AHMEDABAD-380006(GUJ).